ગુજરાત સમાચાર



# મે. ગુજરાત લોજિસ્ટિક્સ સતત બીજી વખત એપોલો સી.વી. એવોર્ડથી સન્માનિત

મુંબઇ : મુંદરા પોર્ટ સ્થિત કંટેનર ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા મે. ગુજરાત લોજિસ્ટિક્સને ટ્રાન્સપોર્ટ અને ઓટો ઉદ્યોગના પ્રતિષ્ઠિત સી.વી. એવોર્ડ્સ-૨૦૧૭માં 'સ્મોલ ફ્લીટ ઓપરેટર ઓફ ધી યર' એવોર્ડથી સન્માનિત કરાયું હતું.

આ એવોર્ડ સમારંભ તાજેતરમાં હોટેલ આઇટીસી ગ્રાન્ડ, મુંબઇ ખાતે યોજાયેલ હતો. જેમાં ગુજરાત લોજિસ્ટિક્સના દીપક ઠક્કર અને રાજેશ મઢવીને વોલ્વો આઇસરના ચીફ ટેક્નોલોજી ઓફિસર રાજિંદરસિંગ સચદેવાના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ સમારંભમાં નલિન મહેતા એમ.ડી. મહિન્દ્રા ટ્રક એન્ડ બસ, આર. રામકૃષ્ણાં, સિનિયર વાઇસ-પ્રેસિડેન્ટ, વિનોદ અગ્રવાલ સીઇઓ, વોલ્વો આઇસર, માર્કસ વીલ્લિંગેર, એમ.ડી., ડેમલર ઇંડિયા, જી રઘુરામ, ડીરેક્ટર, અમદાવાદ તથા અન્ય ઓટો ઉદ્યોગ સાથે સંકળાયેલ વિવિધ નામાંકિત અગ્રણીઓ અને ભારત સરકાર, રોડ ટ્રાન્સપોર્ટ મિનિસ્ટ્રીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સી.વી. એવોર્ડ્સ એ ભારતના ઓટો અને રોડ ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ માટે એક સન્માનનીય ઓળખ માનવામાં આવે છે. જે દર વર્ષે ભારતીય વેહિકલ અને રોડ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રે સંકળાયેલ વિવિધ કંપનીઓના દેશભરમાંથી આવેલ નામાંકનમાંથી સ્વતંત્ર જ્યુરી પેનલ દ્વારા મૂલ્યાંકન કરી પસંદ કરાયેલ વિજેતાઓને તેઓના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે સી. વી એવોર્ડથી સન્માનિત કરવામાં